# જય જિનેન્દ્ર

વિચારશીલ જૈનોનો વિચારશીલ અવાજ

વર્ષ ૧ : અંક ૮ ● સં. ૨૦૫૮, આસો વદ ૧૧, શુક્રવાર, તા. ૧ નવેમ્બર, ૨૦૦૨

# નૂતન વર્ષે નવી આષી

પૂજ્ય મુનિરાજ શ્રી મિત્રાનંદસાગરજી મહારાજ

**નૂ**તન વરસ આવે એટલે માનવહૈયાં હિલોળે ચડે, ઘેર ઘેર પ્રસન્નતાના પમરાટ રેલાય, ઘરઘરમાં આનંદના ઉદધિ ઉછળે.

નવું વરસ એટલે નવું જીવન...

નવું વરસ એટલે નવાં સ્વપ્નો...

નવું વરસ એટલે નવી ઊર્મિ...

નવું વરસ એટલે નવા ઉમંગોને સાકાર કરવાની નવી ઘડી...

આવું નૂતન વરસ આવે ત્યારે સાલમુબારક થાય, અભિનંદનોની આપ-લે થાય, 'નૂતન વર્ષાભિનંદન'નો ધોધ વહે, જૂની મૈત્રી તાજી થાય, મોં મીઠું થાય, બાળકોને વડીલોના આશીષ મળે, વડીલો ગુરુજનોના આશીષ મેળવે અને ગુરુજનો તો મંગલકામના વ્યક્ત કરે જ. આવી ઉમંગની પળે કવિજીવ પણ ઝાલ્યો રહે ખરો? એ પણ અભિનંદનોની હારમાળામાં પોતાનો સૂર પૂરાવે! આવા જ એક કવિરાજની મીઠી વાણી, મંગલ આશીષ આપણે ઝીલીએ.

આ કવિ એટલે ગઈ સદીની અજોડ પ્રતિભા, અદ્ભુત વ્યક્તિત્વના સ્વામી અને જનહિતના કામી એવા પૂજનીય આચાર્ય શ્રી બુદ્ધિસાગરસૂરીશ્વરજી મહારાજ!

એમનું નામ પણ મંગલ...

એમના આશીષ પણ મંગલ...

સાધુચરિત કવિ તો સર્વનાં આનંદ, મંગલ, સુખ, અમન, ચેન, શાંતિ અને હિતની જ કામના કરે. એમના જ શબ્દોમાં :

***સદા આનંદની ચઢતી,***
***સદા મંગલ સહુ હોજો;***
***જગતમાં શાંતિ સહુ પામો,***
***નૂતન વર્ષે નવી આષી...***

કવિની ભાવના તો આકાશને આંબે છે. એ ઇચ્છે છે સંઘર્ષોની સમાપ્તિ, મૈત્રીની પ્રાપ્તિ, ઘરઘરમાં દયાનું શાસન, અહિંસાની પ્રતિષ્ઠા, અને વિશેષ તો જ્ઞાનનાં અજવાળાં હૈયેહૈયામાં પથરાય એવી પ્રાંજલ કામના...

એટલે જ તો એ ગાઈ ઊઠે છે :

***શમો ઝઘડા વધો મૈત્રી,***
***દયાનું રાજ્ય વર્તાજો;***
***વધોને જ્ઞાનની જ્યોતિ,***
***નૂતન વર્ષે નવી આષી...***

## નૂતન વર્ષાભિનંદન

*જય જિનેન્દ્ર પરિવાર તરફથી સર્વ વાચકોને નૂતન વર્ષનાં હાર્દિક અભિનંદન...*

*નૂતન વર્ષમાં આપના વીરતાભર્યા જૈનત્વનો પરચો દેશ અને દુનિયાને મળે, જૈનો એટલે નમાલા લોકો એમ નહીં, જૈનો એટલે સિંહનાં સંતાન, પ્રભુ વીરનાં સંતાન એવી ખુમારીભરી ચેતનાની અનુભૂતિ દેશ અને દુનિયાને થાય એવી પરમપિતા પ્રભુ વીરના ચરણે અમે પ્રાર્થના કરીએ છીએ...*

ગત વર્ષની આપત્તિઓનો અંત આવે, દુ:ખો ટળી જાય અને એ રીતે માનવમાત્ર સુખી બનીને સરસ મજાનાં ધર્મકાર્યો કરે, સત્યના રાહે આગળ વધે એવી 'અસતો મા સદ્ ગમય'ની મંજુલ ભાવનામાં કવિ જ્યારે ગરકાવ થઈ જાય છે ત્યારે એ બોલી ઊઠે છે :

***સુખી થાઓ કરો કાર્યો,***
***ભલાં જે ધર્મનાં ઊંચાં;***
***છવાજો સત્ય સર્વત્ર,***
***નૂતન વર્ષે નવી આષી...***

કવિ નથી ઇચ્છતા કે તમે માત્ર સંસારના વૈભવમાં આળોટો! એ તો બહુ દૂર નજર દોડાવીને તમને શાશ્વતની ઉપલબ્ધિના આશીષ પાઠવે છે.

ભૌતિક વૈભવ તો આજ છે ને કાલ નથી, પણ સદ્ગુણોનો ખજાનો અને આત્મવૈભવ તો શાશ્વત છે, સનાતન છે, ચિરંજીવ છે. એવા વૈભવના તમે સ્વામી બનો એવી મનોભાવનાથી જ એમના હૈયામાંથી શબ્દો સરી પડે છે :

***પ્રભુના ભક્ત સહુ થાજો,***
***અનંતા સદ્ગુણો પ્રગટો;***
***ટળો સૌ દોષ કર્મોના,***
***નૂતન વર્ષે નવી આષી...***

ગુમાવેલું કૌવત પાછું મળે, આત્મશક્તિનું સ્વામિત્વ મળે, પ્રભુસેવાની મગ્નતા મળે, માનવસેવાનાં અરમાન જાગે, આત્મવિજ્ઞાનનો સર્વતોમુખી વિકાસ થાય, માનવમાત્ર યશસ્વી બને એવી કામના આવા અવસરે કવિ ન કરે તો કેમ ચાલે! એટલે જ તો એ કહે છે :

***નૂતન શક્તિ નૂતન ભક્તિ,***
***નૂતન સેવા નૂતન શોધો;***
***ભલી કીર્તિ ભલી વિદ્યા,***
***નૂતન વર્ષે નવી આષી...***

કહેવાનું ઘણું છે, મંગલકામનાઓ ઘણી વ્યક્ત કરવી છે, પણ છેવટે તો થોડું કહ્યું ઝાઝું માની લેજો એમ કહીને કવિ વિરમે છે :

***સદા લક્ષ્મી વધો સારી,***
***મળો ને મંગળો સઘળાં;***
***બુદ્ધ્યબ્ધિ બહુ ચિરંજીવો,***
***નૂતન વર્ષે નવી આષી...***

● ● ● નૂતન વર્ષમાં આટલું કરો : હાય હેલ્લો છોડો, જય જિનેન્દ્ર બોલો ● ● ●



# વિવિધ ગ્રંથોમાંથી ચૂંટી કાઢેલી જ્ઞાની ગુરુઓ, ખ્યાતનામ ચિંતકો અને અનુભવી વિચારકોની શાતાદાયક અમૃતવાણી

■ **સંકલન** : તીર્થેશ્વર વિદ્યાલંકાર

**'બો**ધિને પ્રાપ્ત કરો, બંધનને જાણો અને તેને તોડો. એમ ભગવાને કહ્યું છે.'

'ભગવાને બંધન શેને કહ્યું છે? અને તેને કેવી રીતે તોડી શકાય?'

'ચેતન કે અચેતન પદાર્થોમાં થોડું પણ મમત્વ અને પરિગ્રહનું અનુમોદન એ બંધન છે. ચેતન કે અચેતન પદાર્થો શરણરૂપ બનતા નથી એવી સમજણ કેળવી લેવાથી આ બંધનને તોડી શકાય છે.'

*– આચારાંસૂત્ર*

**જે**મ,

આગમાં ઘી નાખવાથી તેને બુઝાવી શકાય નહીં, હજારો નદીઓ સાગરમાં ઠાલવી દેવાથી તેને તૃપ્ત કરી શકાય નહીં, સ્વપ્નમાં કરેલા ભોજનથી પેટ ભરી શકાય નહીં,

તેમ,

મનની ઇચ્છાઓ પૂર્ણ કરવાથી ઇચ્છાઓનો અંત લાવી શકાય નહીં.

इच्छा हु आगाससमा अणंता... ઇચ્છાઓ આકાશની જેમ અંત વિનાની છે. એકને તૃપ્ત કરશો ત્યાં બીજી જાગી ઊઠશે. વિચારવાન વ્યક્તિ સમજણથી ઇચ્છાઓ ઉપર નિયંત્રણ મેળવીને તેમાંથી મુક્ત બને છે.

*– આચારાંસૂત્ર*

**શ્ર**વણથી કલ્યાણ સમજાય છે. શ્રવણથી અકલ્યાણ સમજાય છે. કલ્યાણ અને અકલ્યાણનો માર્ગ સમજાઈ ગયા પછી જે યોગ્ય લાગે તે કર.

*– દશવૈકાલિક સૂત્ર*

**મેં** શું કર્યું, મારે શું કરવું જોઈએ, મારે જે કરવું જોઈએ તેમાં શું ખૂટે છે અને તે શા માટે ખૂટે છે એ પ્રશ્નો ઉપર પ્રજ્ઞાવાન વિચાર કરે. એ વિચારના અંતે જે ત્રુટિઓ હોય તેને દૂર કરે.

*– દશવૈકાલિક સૂત્ર*

**જે** કંઈ જ્ઞાન છે તેનો સાર ચારિત્ર છે અને ચારિત્રનો સાર નિર્વાણ છે. સમુદ્રમાં હાથ પગ ન હલાવીએ તો ડૂબી જવું પડે, જ્ઞાનરૂપ કુશળ નાવિક મળવા છતાં વાયુરૂપ ચારિત્ર ન હોય તો આપણું વહાણ સિદ્ધિગતિ નામના કિનારે પહોંચી શકે નહીં.

*– ભદ્રબાહુ સ્વામી*

(આવશ્યક નિર્યુક્તિ)

**પ**રસ્પૃહા એ મહા દુઃખનું કારણ છે અને નિઃસ્પૃહત્વ એ સર્વ સુખનું કારણ છે.

*– જ્ઞાનસાર*

**બ**ધાં જ કાર્યો સરળ છે, પરંતુ દંભનો ત્યાગ એ જીવનનું સૌથી દુષ્કર કાર્ય છે.

*– અધ્યાત્મસાર*

**જ**ગત એક સ્વપ્નમાયા છે. સ્વપ્નમાં રંક હોય તે રાજા બની જાય છે અને ધાર્યાં કામો કરે છે, પણ આંખ ખુલે ત્યારે તો તેના હાથમાં એનું એ જ ખપ્પર હોય છે.

આયુષ્ય પણ વીજળીના ચમકારા જેવું ક્ષણિક છે. જીવન પણ અસ્થિર છે.

આ અસાર જગતમાં સારરૂપ જો કંઈ હોય તો તે માત્ર પ્રભુનું સ્મરણ જ છે. એમાં જેટલો સમય આપવામાં આવે તે સફળ છે. બાકી બધું જ નિષ્ફળ છે.

*– કવિવર શ્રી ચિદાનંદજી મહારાજ*

**જે** બીજાની પ્રેરણા યા બીજાના ઉપદેશ વગર પણ પોતાનો ઊર્ધ્વ – આધ્યાત્મિક વિહાર સતત ચાલુ રાખે છે એ ખરેખર યોગ રહસ્યનો ઉત્તમ વેત્તા છે, એટલું જ નહીં, તેણે સાચી યોગક્રિયા સિદ્ધ કરી છે. આવો મહાત્મા, નિઃસંદેહ, જગતથી વિલક્ષણ બળ ધરાવે છે.

*– પૂ. મુનિ શ્રી ન્યાયવિજયજી મહારાજ*

(કલ્યાણ ભારતી)

**એક હૃદયંગમ અંગ્રેજી પ્રાર્થનાનો ભાવાનુવાદ**

**હે** પ્રભુ, દુનિયાની કોઈ પણ વ્યક્તિ પ્રત્યે મારા મનમાં દુર્ભાવ ન જાગે, કોઈના અવગુણ મને ન દેખાય, સૌના કલ્યાણમાં હું ઉપયોગી બનું એવી શક્તિ મને આપો!

*– માઈકલ જેફરસન*

## આગમનો આસ્વાદ

કોઈ મિત્ર સંસારી મિત્ર હોય અને કોઈ મિત્ર કલ્યાણમિત્ર હોય.

કોઈ મિત્ર સંસારી મિત્ર હોય પણ કલ્યાણમિત્ર ન હોય.

કોઈ અમિત્ર સંસારમાં અમિત્ર હોય પરંતુ કલ્યાણમિત્ર હોય.

કોઈ અમિત્ર સંસારમાં અમિત્ર હોય અને કલ્યાણઅમિત્ર હોય

***

કોઈ દ્રવ્યથી મુક્ત હોય અને ભાવથી પણ મુક્ત હોય.

કોઈ દ્રવ્યથી મુક્ત હોય પણ ભાવથી મુક્ત ન હોય.

કોઈ દ્રવ્યથી અમુક્ત હોય પણ ભાવથી મુક્ત હોય.

કોઈ દ્રવ્યથી અમુક્ત હોય અને ભાવથી પણ અમુક્ત હોય.

***

કોઈ કામ કરે પણ માનની આશા ન રાખે.

કોઈ માનની આશા રાખે પણ કામ ન કરે.

કોઈ કામ પણ કરે અને માનની આશા પણ રાખે.

કોઈ કામ પણ ન કરે અને માનની આશા પણ ન રાખે.

***

કેટલાક લોકો ઉત્તરોત્તર ઉદય પામે. આવા લોકો ભરત મહારાજા જેવા હોય.

કેટલાક લોકો પહેલાં ઉદય પામે પછી અસ્ત પામે. આવા લોકો બ્રહ્મદત્ત જેવા હોય.

કેટલાક લોકો પહેલાં અસ્ત પામે પછી ઉદય પામે. આવા લોકો હરિકેશી જેવા હોય.

કેટલાક લોકો ઉત્તરોત્તર અસ્ત પામે. આવા લોકો કાલવ્યાધ જેવા હોય.

***

કોઈ પોતાનું કલ્યાણ કરે પણ બીજાનું કલ્યાણ ન કરે.

કોઈ બીજાનું કલ્યાણ કરે પણ પોતાનું કલ્યાણ ન કરે.

કોઈ પોતાનું પણ કલ્યાણ કરે અને બીજાનું પણ કલ્યાણ કરે.

કોઈ પોતાનું પણ કલ્યાણ ન કરે અને બીજાનું પણ કલ્યાણ ન કરે.

*– સ્થાનાંગસૂત્ર*

સમાધાનદાતા : પૂજ્ય મુનિરાજ શ્રી મિત્રાનંદસાગરજી મહારાજ

*પ્રિય વાચક મિત્રો,*

*ગયા અંકમાં અમે આપને જણાવ્યું હતું તેમ, આ અંકથી અમે પૂજ્ય વિદ્વાન મુનિરાજ શ્રી મિત્રાનંદસાગરજી મહારાજની રેગ્યુલર કૉલમ 'જિજ્ઞાસા'નો આરંભ કરી રહ્યા છીએ. પૂજ્યશ્રીને ભૂતકાળમાં વિવિધ સ્તર અને વિવિધ વર્ગના જિજ્ઞાસુઓ તરફથી પૂછાયેલા વિવિધ તાત્ત્વિક તેમજ શાસ્ત્રીય પ્રશ્નો અને તેના તેમણે આપેલા ઉત્તરોની નોંધ પૂજ્યશ્રીએ પોતાની પાસે રાખી હતી. એ નોંધમાંથી વીણી કાઢેલા ઉપયોગી પ્રશ્નો અને તેના ઉત્તરો જિજ્ઞાસુ વાચકોના જ્ઞાનલાભાર્થે દર અંકે રજૂ કરવામાં આવશે. આશા છે કે જિનશાસનના અમૂલ્ય વારસા જેવી આ સામગ્રી પ્રબુદ્ધ વાચકોને અવશ્ય ગમશે.*

*—સંપાદક : 'જય જિનેન્દ્ર'*

**૧. સિદ્ધશિલાનું પિસ્તાલીસ લાખ યોજન પ્રમાણ જણાવવામાં આવે છે તેવી જ રીતે આટલા જ પ્રમાણ વાળા અન્ય પદાર્થો છે ખરા કે કેમ?**

હા, છે.

આજ પર્યંત સિદ્ધશિલા ઉપરાંત એટલા જ પ્રમાણ વાળા અન્ય ત્રણ પદાર્થો અમારા જાણવામાં આવ્યા છે -

૧. સીમંતક નામનો નરકાવાસ.

૨. અઢી દ્વીપ પ્રમાણ મનુષ્ય ક્ષેત્ર.

૩. સૌધર્મ દેવલોક સ્થિત 'ઉડુ' નામે વિમાન.

समयखेत्ते णं पणतालीसं जोयणसतसहस्साइं आयामविक्खंभेणं पन्नत्ते। सीमंतए णं नरए पणतालीसं जोयणसतसहस्साइं आयामविक्खंभेणं पन्नत्ते। एवं उडुविमाणे पन्नत्ते। ईसिपब्भारा णं पुढवी पन्नत्ता एवं चेव।

*- સમવાયાંગસૂત્ર, ૪૫ સ્થાન*

**૨. ગર્ભસ્થ જીવ નરક ગતિમાં જઈ શકે ખરો?**

જઈ શકે.

માતાના ગર્ભમાં રહેલો જીવ ચાર પૈકીની કોઈ પણ ગતિમાં જઈ શકે છે.

**૩. મિથ્યાત્વીને વ્રતનું દાન કરી શકાય ખરૂં?**

ધીર બુદ્ધિવાળા - વિશિષ્ટ જ્ઞાનીઓ, માર્ગ પ્રાપ્ત કરાવવા માટે મિથ્યાદૃષ્ટિને પણ દ્રવ્ય સમ્યક્ત્વનું આરોપણ કરીને વ્રત આપે છે.

अतो मार्गप्रवेशाय, व्रतं मिथ्यादृशामपि।
द्रव्यसम्यक्त्वमारोप्य, ददते धीरबुद्धयः॥

*- અધ્યાત્મસાર, ૧૭*

[તમારા પ્રશ્નનો ઉત્તર ઉપર આવી ગયો. હવે એક મહત્ત્વની વાત એ પણ ધ્યાનમાં રાખવાની છે કે 'સામી વ્યક્તિ મિથ્યાત્વી છે' એવું પ્રતિપાદન કરવાનું કામ આપણી જેવા અલ્પજ્ઞોનું નથી. આથી કોઈ વ્યક્તિ કે વ્યક્તિસમૂહને મિથ્યાત્વી ઠરાવવાની હોડ ચાલતી હોય ત્યારે તેનાથી દૂર રહેવું જ હિતાવહ છે.]

**૪. કોઈ સાધુ ખરેખર સાધુપણું પાળી શકે તેમ હોય જ નહીં, તો તેણે શું કરવું?**

તેણે ઉપદેશમાળામાં જણાવેલ રીતિએ વર્તવું -

जइ न तरसि धारेउं, मूलगुणभरं सउत्तरगुणं च।
मुत्तूण तो तिभूमी, सुसावगत्तं वरतरागं॥

હે મુનિ, જો મૂળગુણ અને ઉત્તરગુણયુક્ત ચારિત્ર પાળવા તું સમર્થ ન હોય તો ત્રણ ભૂમિઓ - જન્મભૂમિ, દીક્ષાભૂમિ અને વિહારભૂમિ - છોડીને તું શ્રેષ્ઠ કક્ષાનું શ્રાવકપણું પાળ.

*- ઉપદેશમાળા, ગાથા ૫૦૧*

• • •

## નવું પ્રકાશન

**જૈન આરાધના પંચાંગ**

*તંત્રી : શ્રી મહેન્દ્રભાઈ ગુલાબચંદ શેઠ*

*પ્રકાશક અને પ્રાપ્તિસ્થાન : જૈન પંચાંગ પ્રકાશન કાર્યાલય,*
*૫ અર્જુન સ્મૃતિ, ડી.એન.સી. રોડ, ડોંબીવલી (ઈસ્ટ) મહારાષ્ટ્ર*
*મૂલ્ય : ૩૦ રૂપિયા*

શ્રી મહેન્દ્રભાઈ ગુલાબચંદ શેઠ દ્વારા દર વરસની જેમ આ વરસે પણ જૈન કેલેન્ડર પ્રકાશિત કરવામાં આવ્યું છે. સંવત ૨૦૫૯ના વરસ માટેનું આ કેલેન્ડર અનેક વિશેષતાઓથી ભરપૂર અને ઉપયોગી સામગ્રીથી પ્રચુર છે. આ વરસના કેલેન્ડરની વિશેષતા એ છે કે તેમાં ચતુર્વિધ શ્રીસંઘના શ્રમણશ્રેષ્ઠો, સાધ્વીજી ભગવંતો, શ્રાવકો અને શ્રાવિકાઓનાં જીવન ચરિત્રો આપવામાં આવ્યાં છે. જે તે ચરિત્રનાયકના રંગીન ફોટાઓ સાથેનાં આ જીવનચરિત્રોના કારણે પંચાંગ ઓર દીપી ઊઠ્યું છે.

વિવિધ જૈન પર્વો, ગુરુ ભગવંતોની તિથિઓ, કલ્યાણકો, આરાધના દિવસો, સરળ સુગમ વાસ્તુ શાસ્ત્ર, ધાર્મિક વ્યવસાય સાથે સંકળાયેલા વિધિકારો, પંડિતો વગેરેના ટેલિફોન નંબરો, ભારતભરનાં જૈન તીર્થોના ટેલિફોન નંબરો, પ્રખ્યાત જૈન તીર્થોની પંચતીર્થીઓ, રોજિંદાં પચ્ચક્ખાણો, સૂર્યોદય-સૂર્યાસ્તની વિગતો, જાણીતાં જૈન તીર્થો અને દેરાસરોની સાલગીરીઓ વગેરે વીણી વીણીને ઉપયોગી સામગ્રી આપવાનો શ્રી મહેન્દ્રભાઈનો પ્રયત્ન સ્તુત્ય છે.

આ કેલેન્ડરનું મૂલ્ય ૩૦ રૂપિયા રાખવામાં આવેલ છે, જે સામગ્રીની વિવિધતા જોતાં કંઈ ન ગણાય.

આપે જય જિનેન્દ્રનું પંચવર્ષીય લવાજમ ભર્યું?
સોનાચાંદીનાં ઇનામો આપની રાહ જોઈ રહ્યાં છે.

## ક્વિઝ ટાઇમ

શ્રી હેમચંદ્રાચાર્ય તો કલિકાલ સર્વજ્ઞ ખરા જ. પણ બીજા કયા જૈનાચાર્ય કે જેઓ પણ કલિકાલસર્વજ્ઞ કહેવાયા હોય?

***

ચોક્કસ કારણોસર આમાં કયું નામ અસંગત છે?

☐ અજિતનાથ, ☐ શીતલનાથ,
☐ નમિનાથ, ☐ પાર્શ્વનાથ.

(જવાબ સાથે કારણ પણ અવશ્ય જણાવવું.)

***

ભગવાન મહાવીરનું આયુષ્ય ૭૨ વર્ષ.
એમના કયા ગણધરનું આયુષ્ય પણ ૭૨ વર્ષ?

***

તમારો ઉત્તર આજે જ મોકલો.
વિજેતા માટે સરપ્રાઇઝ ગિફ્ટ.

સાચા જવાબ આપનાર એકથી વધુ હશે તો લકી ડ્રૉ દ્વારા વિજેતા જાહેર કરવામાં આવશે.

*જય જિનેન્દ્ર*, **પોસ્ટ બોક્સ નં. ૧૫૦૦૮,**
**આંબાવાડી, અમદાવાદ ૩૮૦ ૦૧૫**

# એક વિશિષ્ટ સમ્મેલન

● **પરિકલ્પના અને લેખન :** શ્રી અશ્વિનભાઈ શાહ, અંધેરી ઇસ્ટ, મુંબઈ.

● **પૂરક વિગતો :** જય જિનેન્દ્ર કાર્યાલય, અમદાવાદ.

*જૈનશાસન નગરમાં, ધર્મપોળ ખાતે આવેલા 'સાત ક્ષેત્ર' નામના વિશાળ હૉલમાં જૈનશાસન નગરના ધુરંધર અને સક્રિય કાર્યકરો સર્વશ્રી દેવદ્રવ્ય, સર્વશ્રી જ્ઞાનદ્રવ્ય, સુશ્રી અનુકંપાદેવી, સુશ્રી જીવદયાદેવી, સુશ્રી સાધર્મિકભક્તિ, ઉત્સાહથી થનગનતા કાર્યકર શ્રી વૈયાવૃત્ય વગેરેનું એક સમ્મેલન તાજેતરમાં જ મળી ગયું. નગરના સુંદર વહીવટ માટે ખૂબ જાણીતી સંસ્થા 'શ્રી ધર્મસંઘ'ના ઉપક્રમે મળેલા આ સમ્મેલનમાં જૈનશાસન નગરની વર્તમાન સ્થિતિ અંગે વક્તાઓનાં પ્રવચનો થયાં હતાં. અત્યંત નિખાલસ વાતાવરણમાં યોજાયેલા આ સમ્મેલનમાં ઉપસ્થિત રહેલા વિવિધ કાર્યકરો તરફથી ખૂબ ઉપયોગી અને રચનાત્મક સૂચનો કરવામાં આવ્યાં હતાં. ઉપર જણાવ્યા તે ઉપરાંત બીજા કાર્યકરોને પણ પોતાનાં સૂચનો વ્યક્ત કરવાની તક આપવામાં આવી હતી. જૈનશાસન નગરની બગડતી જતી સ્થિતિથી સૌ કોઈ વ્યથિત હતા એ તો દરેક વક્તાની વાત ઉપરથી દેખાઈ આવતું હતું.*

*જૈનશાસન નગરની દરેક મોટી સભાઓ, સમ્મેલનો, ધર્મમેળાઓ વગેરેમાં સફળ સંચાલક તરીકે નામના મેળવી ચૂકેલા શ્રી પ્રવચનકુમારે ખંતથી આ સમ્મેલનનું સફળ સંચાલન કર્યું હતું. સમ્મેલનમાં થયેલી વિસ્તૃત ચર્ચાનું રિપોર્ટિંગ અને કવરેજ કરવાની જય જિનેન્દ્રને ખાસ રજા આપવામાં આવી હતી.*

*જય જિનેન્દ્રના અંકોમાં અનુકૂળતા મુજબ આ સમ્મેલનની વિગતો આપવામાં આવશે.*

●●●

**ધર્મસભાઓના સફળ સંચાલક તરીકે પંકાયેલા શ્રી પ્રવચનકુમારનું પ્રારંભિક ઉદ્‌બોધન**

હું પ્રવચનકુમાર, અહીં ઉપસ્થિત રહેલા સર્વકોઈ કાર્યકરનું અભિવાદન કરું છું. હમણાં જ આપણે પૂજ્ય ગુરુદેવશ્રીનું મંગલાચરણ અને પ્રાસંગિક ઉદ્‌બોધન સાંભળ્યું. પૂજ્ય ગુરુદેવશ્રીના મંગલાચરણનો પ્રભાવ તો જાણીતો જ છે. એમના મંગલાચરણથી શરૂ થયેલાં સર્વ કાર્યો નિર્વિઘ્ને પાર પડે છે તે આપણા સૌનો અનુભવ છે. આજે તો ગુરુદેવે પણ આ સમ્મેલનમાં ખાસ રસ લઈને તેને સફળ બનાવવાના આશીષ આપ્યા છે. ખૂબ જ આનંદની વાત છે કે જૈનશાસન નગરમાં જ્યારથી પૂજ્ય ગુરુદેવની પધરામણી થઈ છે ત્યારથી ધર્મ આરાધનામાં કોઈ અનેરો જ વેગ આવ્યો છે.

હવે આપણે મૂળ વાત ઉપર આવીએ :

આપણા શહેરની રોનકને છેલ્લા કેટલાક સમયથી મોટો ધક્કો લાગ્યો છે. કોઈની નજર લાગી ગઈ હોય કે પછી સમયની અસર હોય, પરંતુ આપણા શહેરની શાંતિ ડહોળાય તેવું વાતાવરણ તો જરૂર ઊભું થઈ ગયું છે. કેટલાક નવા પ્રશ્નો પણ ઊભા થયા છે. ભગવાન મહાવીરના નિર્વાણને ૨૫૨૮ વરસ પૂરાં થઈ રહ્યાં છે ત્યારે, દીવાળીના પાવન દિવસોમાં આપણા સૌ કાર્યકરોનું એક મહાસમ્મેલન મળે એવી ચર્ચા ઘણા સમયથી ચાલતી હતી. આ સમ્મેલનમાં નગરના વધુને વધુ કાર્યકરો ઉપસ્થિત રહે તેવી આપણા સૌની ભાવના હતી તે આજે સાકાર થઈ રહી છે.

અહીં મંચ ઉપર આપણી સન્મુખ માનનીય શ્રી દેવદ્રવ્ય, શ્રી જ્ઞાનદ્રવ્ય, સુશ્રી અનુકંપાદેવી, સુશ્રી જીવદયાદેવી, સુશ્રી સાધર્મિકભક્તિ, કદી નહીં થાકતા એવા શ્રી વૈયાવૃત્યકુમાર વગેરે ધુરંધર કાર્યકરો ઉપસ્થિત છે તે આપણું સૌભાગ્ય છે. આ ઉપરાંત પૂજા, ભક્તિ, આંગી, ભાવના, સ્તુતિ, સ્તવન, ગાથા, પ્રતિક્રમણ, સામાયિક વગેરે બાળ કાર્યકરો પણ નવાં નવાં કપડાં પહેરીને આપણી સામે હાજર છે. આપણાં પીઢ મહિલા કાર્યકર શ્રીમતી પાઠશાળાદેવી પણ આપણી ભાવનાને માન આપીને આ પ્રસંગે ખાસ ઉપસ્થિત રહ્યાં છે.

હવે હું બાળ કાર્યકરો પૂજા, ભક્તિ, આંગી, ભાવના, સ્તુતિ, સ્તવન, અને ગાથાને વિનંતી કરીશ કે તેઓ પોતાના સુમધુર કંઠે આ સમ્મેલન પ્રસંગને અનુરૂપ એવું મંગલગીત ગાશે અને આ સમ્મેલનના સર્વ કાર્યકરોને પોતાની પ્રતિભાનો પરિચય આપશે.

**બાળ કાર્યકરોનું સામૂહિક મંગલગાન**

*નમો અરિહંત સિદ્ધાચાર્ય,*
*ઉવજ્ઝાય સર્વ સાધુ મુનિરાય...*
*એ પાંચેને કરતાં પ્રણામ,*
*પાપ જ નાસે દૂર તમામ...*
*મંગલોમાં મંગળ મૂળ,*
*સેવું ભાવે સદા અનુકૂળ...*

**સંચાલકશ્રી :** ખૂબ ખૂબ સુંદર, બાળકો, તમે મને એ કહેશો કે આ નમસ્કાર મંત્રના ભાવાનુવાદ જેવી પ્રાર્થના તમને કોણે શીખવાડી હતી?

**બાળકો :** અમને અમારાં પૂજ્ય પાઠશાળાદેવી પાલીતાણા યાત્રા માટે લઈ ગયા હતાં ત્યારે ત્યાં અમે પૂજ્ય ગુરુ ભગવંતશ્રી નંદનપ્રભવિજયજી મહારાજ સાહેબ પાસે આ નવકારગીત શીખ્યાં હતાં...

**સંચાલકશ્રી :** ખૂબ સુંદર, આપણે પૂજ્ય ગુરુદેવનું મંગલાચરણ સાંભળ્યું. બાળકલાકારો દ્વારા નમસ્કાર ગીત પણ સાંભળ્યું. હવે હું આપણા પરમ સન્માનનીય આગેવાન શ્રી દેવદ્રવ્યને વિનંતી કરીશ કે તેઓ સમ્મેલનને પોતાના હાર્દિક વિચારોથી વાકેફ કરશે. દરેક વક્તાને પંદર પંદર મિનિટ ફાળવવામાં આવી છે. દરેક વક્તાને હું વિનંતી કરું છું કે તેઓ સભાની શિસ્તને માન આપીને પંદર મિનિટમાં પોતાનું વક્તવ્ય આટોપી લે. જો કે જૈનશાસન નગર પહેલેથી શિસ્તની બાબતમાં સુવિખ્યાત છે જ, તેમ છતાં એક સંચાલક તરીકે આ મુદ્દે વક્તાઓનું ધ્યાન દોરવાની મારી ફરજના એક ભાગરૂપે મેં આ વિનંતી કરી છે.

માનનીય શ્રી દેવદ્રવ્ય.....

**દેવદ્રવ્ય :** આજે આપણે શાસન નગરમાં છેલ્લા કેટલાક સમયથી ઉપસ્થિત થયેલા વિવિધ પ્રશ્નો ઉપર નિખાલસતાથી વિચાર કરવા ભેગા થયા છીએ. આમ તો મારે મારો પરિચય આપવાનો ન હોય તેમ છતાં નવા કાર્યકર્તાઓ કદાચ મને ન પણ ઓળખતા હોય તેમ બને, તેથી હું મારો પરિચય આપું : મારૂં નામ દેવદ્રવ્ય. હું દેરાસરમાં વસું. ભગવાન સામે મૂકેલો ભંડાર એ મારૂં નેટિવ પ્લેસ. માળની ઉછામણીઓમાં, પ્રતિષ્ઠાના ચડાવામાં અને સપનાંની બોલીઓમાં તો મારો જય જયકાર થઈ જાય. મારો વપરાશ ભગવાન સિવાય કોઈ કાર્યમાં થાય નહીં. હું ન તો ધર્મશાળા બંધાવવાના કામમાં આવું કે ન તો મારો ઉપયોગ પુસ્તક છપાવવા માટે થઈ શકે. જો કે મારા સહકારથી નવાં દેરાસરો બની શકે ખરાં, પરંતુ જ્યાં જરૂર ન હોય ત્યાં અથવા તો બનાવવા ખાતર બનાવાતાં હોય એવાં દેરાસરોમાં મારો ઉપયોગ થાય તો મારૂં મન ખૂબ દુભાય. જ્યાં જરૂર હોય ત્યાં નવું દેરાસર બંધાવવામાં મારો ઉપયોગ થાય તે મને ખૂબ ગમે. જો જીર્ણોદ્ધારમાં મને કામે લગાડવામાં આવે તો તો મારૂં શેર લોહી ચડે.

**સંચાલકશ્રી :** વન મિનિટ પ્લીઝ,

**દેવદ્રવ્ય :** યેસ...

**સંચાલકશ્રી :** નવાં તીર્થો બનાવવામાં જો તમારો ઉપયોગ થાય તો તો તમારૂં મન દુભાય નહીં ને?

**અનુસંધાન પાંચમા પાને**

# આટલાં બધાં પંચાંગો ન છાપીએ તો ન ચાલે?

આપણા સમાજમાં જૂદા જૂદા લોકો, ગુરુ ભગવંતો, સંસ્થાઓ, પ્રકાશન ગૃહો વગેરે દ્વારા દર વરસે હજારોની સંખ્યામાં પંચાંગો બહાર પડે છે. આ બધાં પંચાંગોની મૂળ વિગતોમાં તો કોઈ ફરક હોવાનો જ નહીં. તિથિ, આરાધનાના દિવસો, કલ્યાણકો, ચોઘડિયાં વગેરે બાબતો તો દરેક પંચાંગમાં એક સરખી જ આવવાની. તો પછી આવાં જૂદાં જૂદાં પંચાંગો છાપવાના બદલે એક કેન્દ્રવર્તી સંસ્થા હોય જે પંચાંગ બહાર પાડે, એવું આયોજન જૈનોએ કરવું જોઈએ.

દર વરસે સમાજના વિવિધ વર્ગ તરફથી પંચાંગ બહાર પડતું હોવાના કારણે અમુક લોકોના ઘરમાં શરમાશરમીના કારણે પંચાંગોનો ભરાવો થઈ જતો હોય છે. એક મહારાજ સાહેબ પોતાના ઓળખીતા, ભક્ત અથવા ચાહકને પંચાંગ આપે ત્યારે તેણે તે લેવું પડે. પછી તેના બીજા જાણીતા ગુરુ ભગવંત પણ તેને પોતાનું પંચાંગ આપે તે પણ તેણે શરમના માર્યા લેવું પડે. આમ એક ઘરમાં ત્રણ ચાર જાતનાં પંચાંગ આવે! હવે ખૂબીની વાત તો એ છે કે દરેક ઘરમાં તો ભાગ્યે જ પંચાંગનો કોઈ ગંભીર ઉપયોગ થતો હોય છે. મેં જોયું છે કે જેના ઘરમાં પંચાંગોનો ભરાવો થઈ જતો હોય તેવા ઘણા જૈનોને પર્વતિથિ વિષે કોઈ ખ્યાલ હોતો નથી. તે જમવા બેસે ત્યારે થાળીમાં પીરસાયેલ શાક ઉપરથી તેને અંદાજ આવે કે 'આજે કોઈક તિથિ લાગે છે!'

બીજી રીતે જોઈએ તો કાગળનો બેફામ બગાડ, બીજા કરતાં મારૂં પંચાંગ કેવું રૂપાળું છે તે દેખાડવા માટે ફોરકલરમાં છાપકામ કરવાના કારણે પૈસાનો બેફામ બગાડ, મોંઘાદાટ આર્ટપેપરો વાપરવાના કારણે બિનજરૂરી ખર્ચનું ભારણ વગેરે બાબતો તરફ પણ ધ્યાન આપવાની જરૂરત છે. જે વસ્તુ એક વરસ પછી સાવ નકામી થઈ જવાની હોય અને પસ્તીમાં જ જવાની હોય તેની પાછળ આટલો બધો રૂપિયો બગાડવો કેટલો વ્યાજબી છે તે વિચારવું જોઈએ. હવે તો ખીસામાં રાખીને ફરી શકાય તેવાં ફોલ્ડર પંચાંગ પણ બહાર પડે છે. જેમાં ગુરુ ભગવંતોના ફોટાઓ, ભગવાન, દેવ-દેવીઓ વગેરેના ફોટા પણ હોય છે, જે ખીસામાં રાખીને ગૃહસ્થો ફરે તેથી મહાન આશાતનાનું કારણ પણ બની શકે. આપણે જૈનો તો ડગલેને પગલે આશાતનાથી ડરનારી પ્રજા છીએ. આપણે જ કાગળ, ફોટા, રૂપિયા વગેરેનો આવો બેફામ દુરુપયોગ કરીશું તો કેમ ચાલશે?

કોઈ એક કેન્દ્રવર્તી પંચાંગ સમિતિ હોય, જે પંચાંગોનું પ્રકાશન કરે અને ભારતભરમાં દરેક જૈનના ઘરે, ઘર દીઠ એક એક પંચાંગ પહોંચતું કરે એવું કોઈક આયોજન જૈનોએ વિચારવાની જરૂર છે. જો પૂજનીય ગુરુ ભગવંતો પોતાનાં વ્યક્તિગત પંચાંગો છપાવવાનો મોહ જતો કરે તો સંઘને ઘણો મોટો લાભ થાય. વ્યક્તિગત પંચાંગો છપાવાના કારણે જે તે સમુદાયના મહાત્માઓની જ તિથિઓ પંચાંગોમાં છપાતી હોવાથી પંચાંગ લેનાર ભાગ્યવાનને તો એમ જ લાગે કે જાણે જૈન સંઘમાં બીજા કોઈ મહાત્માનું અસ્તિત્વ જ નથી. વળી જે તે સમુદાયના ગુરુભગવંતોની તિથિઓનું સમગ્ર શાસનના પરિપ્રેક્ષ્યમાં જોવા જઈએ તો કોઈ મહત્ત્વ પણ નથી હોતું. ઘણીવાર તો પંચાંગોના ભરાવાથી કંટાળેલા જૈનો છાનામાના તે પંચાંગોને દેરાસરના ભંડાર ઉપર મૂકીને જતા રહેતા હોય છે. આ શરમજનક કહેવાય. આ પણ એક નવતર પ્રકારની આશાતના જ છે.

પંચાગો પાછળ બિનજરૂરી રીતે વેડફાતા રૂપિયા બચાવી લઈને તેનો બીજો કોઈ યોગ્ય સદુપયોગ થઈ શકે એ દિશામાં જૈનોએ અને ખાસ કરીને તો પંચાંગોના પ્રકાશન સાથે સંકળાયેલા ગુરુ ભગવંતોએ મંથન કરવાની જરૂર હોય એમ લાગે છે.

સૂચિત કેન્દ્રવર્તી પંચાંગ સમિતિ આવું કંઈક કરી શકે :

શ્વેતાંબર સંપ્રદાયના સર્વ ફિરકાઓનું એક જનરલ પંચાંગ તૈયાર કરે.

દરેક ફિરકાને માન્ય હોય તેવી તિથિની જાણકારી આપે.

જૂદી જૂદી માન્યતાવાળા વર્ગની તિથિઓ પોતાના કોઈ રાગ દ્વેષ વગર નિષ્પક્ષભાવે આપે.

દરેક ફિરકાના દરેક મુખ્ય આચાર્યાદિ પદવીધરોની સ્વર્ગતિથિ પંચાંગમાં સમાવી લે.

દરેક ફિરકાના તહેવારો, આરાધના દિવસોની વિગતો આપે.

ટૂંકમાં, દરેક ફિરકાને સંતોષ થાય તેવી વિગતો જો એક જનરલ પંચાંગમાં આપવામાં આવે તો વ્યક્તિગત પંચાંગ છપાવવાનો મોહ આપોઆપ દૂર થઈ શકે, કારણ કે તેમને જે જોઈતું હોય તે એક જનરલ પંચાંગમાં મળી જ રહે.

સંઘમાન્ય એવું એક જ પંચાંગ તૈયાર કરીને પ્રકાશિત કરીને ઘરે ઘરેથી છપાતાં પંચાંગો ઉપર સ્વૈચ્છિક નિયંત્રણ મૂકવાની જરૂર હોય એમ લાગે છે.

**દીપક વી. શાહ** (સેટેલાઇટ, અમદાવાદ)

---

**અનુસંધાન ચોથા પાનાનું ચાલુ**

**દેવદ્રવ્ય :** જુઓ બિરાદર, એક વાત તમને કહું? ખરી રીતે નવા બનતા દેરાસરને તીર્થ કહેવું તે જરા ઑકવર્ડ લાગે છે. મારી સમજ તો એવી છે કે જે દેરાસરને સો વરસ થઈ જાય તેને જ તીર્થ કહેવું જોઈએ. આમ છતાં જો તમારે નવું તીર્થ બનાવવું જ હોય તો તમે જાણો, પરંતુ એક વાત યાદ રાખો કે મારો મુદ્દો એ છે કે જ્યાં જરૂર છે જ નહીં ત્યાં ન તો નવું તીર્થ રચાય કે ન તો નવું દેરાસર બંધાય એવી મારી ઝંખના છે. સાચી વાત કહું? જ્યાં ત્યાં મારો વપરાશ થવાના કારણે અણીના વખતે મારી જરૂરત ઊભી થાય તો તમે શું કરો? તમને ખબર છે ને કે આજકાલ તો સરકારની નજર પણ મારી ઉપર બગડી છે. આજે અનેક ગામોમાં કે જ્યાંથી જૈનો બીજી જગ્યાએ ખસી ગયા છે, ત્યાંનાં એકલાં પડી ગયેલાં દેરાસરોમાં મારી કેટલી બધી જરૂરત છે તે હું તમને કેવી રીતે સમજાવું?

હમણાં તમે નવું તીર્થ બનાવવા અંગે સવાલ પૂછતા હતા. તમને એક વાત કરૂં તો બહુ દુઃખ થશે. મારા સહકારથી બનેલાં કેટલાંયે નવાં તીર્થોમાં આજકાલ ન થવાનાં કામો થઈ રહ્યાં છે. યાત્રાળુના સ્વાંગમાં ઘણીવાર તો પર્યટકો જ નવાં તીર્થોમાં આવે છે. અરે માત્ર પર્યટકો આવતા હોય અને મારા સહકારથી બનેલ શિલ્પસમૃદ્ધિ, કળા, ભવ્યતા વગેરેનું નિરીક્ષણ કરીને જતા હોય તો તો હું થોડુંઘણું યે મન મનાવી લઉં કે કંઈ વાંધો નહીં, આજે નહીં તો કાલે આ પર્યટકને તીર્થનો મહિમા સમજાશે, પરંતુ કહેતાં ઘણું જ દુઃખ થાય છે કે ઘણીવાર તો નવાં તીર્થોમાં લોકો ન ખાવાનું ખાય છે, ન પીવાનું પીએ છે, ન કરવાનું કરે છે. તમને એ જાણીને આંચકો લાગશે કે નવું તીર્થ હોવાના કારણે જગ્યાની મોકળાશ, આધુનિક ધર્મશાળાઓ અને કેટલીક જગ્યાએ તો એરકંડીશન્ડ ધર્મશાળાઓ વગેરેની સગવડ મળવાથી ઘણીવાર તો નવાં પરણેલાં યુગલો હનીમૂન કરવા પણ આવી જાય છે. બીજી હોટલોમાં જઈને ઊતરે તો ખીસાને પોસાય નહીં, તેથી યાત્રાની યાત્રા, પર્યટનનું પર્યટન અને હનીમૂનનું હનીમૂન, બધાં કામો પતી જાય.

સાચું કહું તો મારો ઉપયોગ ખૂબ કરકસરથી કરવાનું રાખો તો ભવિષ્યમાં પ્રાચીન જિનમંદિરોના ઉદ્ધારનાં કાર્યોમાં હું કામ આવી શકું, તીર્થરક્ષા માટે અણીના સમયે જરૂરત ઊભી થાય તો તરત જ મારો ઉપયોગ થઈ શકે. સમ્મેતશિખરજી, અંતરીક્ષજી, કેસરીયાજી વગેરે તીર્થોની સેવામાં મારો વપરાશ થાય તેવી મારી તીવ્ર ઝંખના છે, પરંતુ આજે તો નવાં નવાં દેરાસરોમાં જ મારો વધુને વધુ ઉપયોગ થઈ રહ્યો છે મને ઘણીવાર એકલાં એકલાં ખૂબ રડવું આવી જાય છે, પરંતુ શું કરૂં, મારૂં કોઈ સાંભળતું જ નથી.

પૂજ્ય ગુરુદેવો અને માનનીય ટ્રસ્ટીઓ, તમે મને બચાવી લેશો તો સમજી લો કે હું પણ તમને ક્યારેક બચાવવાના કામમાં આવી જઈશ. દુર્ગતિમાં પડતાં અટકાવવા માટે મારી જેવો ભરોસાપાત્ર દોસ્ત બીજો કોઈ નહીં.

**(વધુ આવતા અંકે)**

**જય જિનેન્દ્ર : વિચારશીલ જૈનોનો વિચારશીલ અવાજ**
**પાંચ વરસનું લવાજમ ભરીને જીતો સોના ચાંદીનાં ઇનામો**

# હવે જાહેર સંસ્થાઓ પણ આવકવેરાના સપાટામાં !

## યુનિવર્સિટીઓ, હોસ્પિટલો, સ્કૂલો, કૉલેજો, જાહેર અને ધાર્મિક ટ્રસ્ટો : આઈ. ટી. ડિપાર્ટમેન્ટના તઘલખી નિર્ણયોથી કોઈ જ નહીં બચી શકે!

**શ્રી અશ્વિનભાઈ સંઘવી**, સુરત
*ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ, ચેરમેન : ટ્રસ્ટ અને ટેક્સેસન ગાઈડન્સ કમિટી (જે. એસ. જી. આઈ. એફ.)*

**પ્રાસ્તાવિક :** બજેટ ૨૦૦૨ દ્વારા ભારતીય જનતાના હિત વિરુદ્ધ, દૂરગામી પડનારી અસરની ઓળખ ન કરી શકેલ નાણાં પ્રધાને સરકારનું કાર્ય સ્વેચ્છાએ બે હાથ પહોળા કરીને જરૂર પડ્યે પોતાનો ખોળો પાથરીને, સ્વનાણાં અને સ્વસમયનો ભોગ આપીને દાતાઓને આંખની શરમમાં નાખીને જનતા જનાર્દનની સેવા કરતા જાહેર ધાર્મિક મંદિરો, દેરાસરો, ગુરુદ્વારા, મસ્જિદ, અગિયારીઓ ચર્ચ વગેરે ટ્રસ્ટો તેમજ હોસ્પિટલો, વિદ્યાધામો, નાનાં દવાખાનાંઓ, યુનિવર્સિટી, પાંજરાપોળ વગેરે એકબીજાંને પોતાનાં વધારાનાં ભંડોળનો લાભ આપી શકતા હતા તે ૧-૪-૨૦૦૨થી બંધ કર્યું અને તે રીતે કાયદો પણ બની ગયો. આથી જ્ઞાન અને સારવાર તેમજ આધ્યાત્મિક તેમજ યોગ-આસનની સમૃદ્ધિ તથા શિબિરો તેમજ રિસર્ચકામ માટેના દરવાજા તથા જીર્ણોદ્ધાર તેમજ નવસર્જનનાં કામો બંધ થાય છે. નવા નાણાં પ્રધાન સમજુ, વિચારશીલ અને માનવતાવાદી જણાય છે. તેવા જ નવા રાષ્ટ્રપતિ પણ ગણાય છે. તેમની સમક્ષ આ સુધારાથી પડનારી દૂરગામી અસરની જાણકારી આપી તે સર્વ તાત્કાલિક દૂર થાય અને પૂર્વવત્ જોગવાઇ ૧-૪-૨૦૦૨થી જ અમલમાં આવે તે રીતના સુધારા આવકવેરા કાયદામાં થાય તેવી રજુઆત પ્રત્યેક ટ્રસ્ટના ટ્રસ્ટીઓએ કરવી જોઇએ.

**આવકવેરા કાયદાની જૂની જોગવાઇઓ (૩૧-૩-૨૦૦૨ સુધી) :** કલમ ૧૧માંની જોગવાઇઓ પ્રમાણે ટ્રસ્ટે જે તે વર્ષની આવકના ૭૫ ટકા જેટલી રકમ ટ્રસ્ટના હેતુ માટે ખર્ચવાની રહેતી હતી. જો આવક ન મળવાને કારણે કે અન્યથા આટલી રકમ ન ખર્ચી શકાય તો ચોક્કસ હેતુ માટે ભવિષ્યમાં (૧૦ વર્ષમાં) સુધારા પ્રમાણે પાંચ વર્ષમાં ઉપયોગમાં લેવા નિયત ફોર્મમાં (નંબર : ૧૦) આવકવેરા અધિકારીને અરજી કરવાની રહેતી હતી અને તે રકમ અલાયદી રાખવાની હતી અને ૨૫ ટકા જેટલી રકમ અમર્યાદિત સમય માટે એકત્ર કરી શકાતી હતી. આ ઉપરાંત આ રીતે અલાયદી કાઢેલી રકમ અન્ય સમાન હેતુવાળા ટ્રસ્ટને દાન/ભેટ/સહાય સ્વરૂપે આપવામાં આવે તો તે રકમ ૭૫ ટકા પ્રમાણેની ગણતરીમાં લઇ શકાતી હતી અને તેના ઉપર આપનાર કે લેનાર ટ્રસ્ટને ઇન્કમટેક્સ લાગતો નહોતો. આમ નાની આવકવાળાં ટ્રસ્ટો કે જરૂરિયાતવાળાં ટ્રસ્ટોને નાણાંકીય સથવારો મળવાથી જાહેર જનતાને બહોળો લાભ મળતો હતો. ઉદાહરણ સ્વરૂપે જોઇએ કે એક હોસ્પિટલને વિદેશથી નવી ટેકનોલોજીવાળું મશીન લાવવું છે, જેની કિંમત કરોડો રૂપિયાની છે, જે માટે સરકારી કોઇ સહાય/અનુદાન મળતું નથી અને ઘણા લોકોને વિનંતી કરવા છતાં પૂરતી રકમ મળી શકતી ન હોય અને આવા જ કોઇ ટ્રસ્ટ કે હોસ્પિટલ પાસે વધુ ભંડોળ હોય તો આવું ટ્રસ્ટ કે હોસ્પિટલ આવું મોટું દાન આપી જે તે હોસ્પિટલની જરૂરિયાત સંતોષી શકતું, જેનો લાભ અનેક દર્દીઓને મળી શકતો અને કદાચ વિદેશ જઇ સારવાર લેવાનો ખર્ચ પણ બચી શકતો હતો. ઉપરાંત જૈન દેરાસર, હિન્દુ મંદિર, ગુરુદ્વારા, ચર્ચ, ઐતિહાસિક સ્થળો વગેરેનો જીર્ણોદ્ધાર થઈ શકતો હતો. આ બધું તા. ૧-૪-૨૦૦૨થી બંધ થાય છે.

**આવકવેરા કાયદા ૨૦૦૨ દ્વારા અમાનુષી સુધારા :** જાહેર ધાર્મિક ટ્રસ્ટ અન્ય ધાર્મિક ટ્રસ્ટને ૧-૪-૨૦૦૨ ના રોજ કે ત્યાર બાદ પોતાના ૨૫ ટકા પ્રમાણે એકત્ર કરેલ રકમમાંથી તેમજ ઉપર જણાવ્યા પ્રમાણે ન વાપરી શકાયેલ રકમ અલાયદી કાઢી ભવિષ્યમાં ઉપયોગમાં લેવા રાખેલ રકમમાંથી દાન આપે તો તે દાનની રકમ દાન આપનાર ટ્રસ્ટને બાદ ન મળે, ઉપરાંત દાન મેળવનાર ટ્રસ્ટની પણ આવક ગણાય. આમ બન્ને ટેક્સના ભરડામાં આવી શકે. આ જ પ્રમાણેની જોગવાઈ જાહેર ધર્માદા ટ્રસ્ટો, યુનિવર્સિટી, હોસ્પિટલ, શાળા, મહાશાળા, કોલેજો, પાંજરાપોળો, દવાખાનાંઓ, યોગ-આસન-આધ્યાત્મિક પ્રવૃત્તિ કરતી સંસ્થાઓ, અંધજનશાળા, વૃદ્ધાશ્રમ, નારી સંરક્ષણ ગૃહ, રિમાન્ડ હોમ, રક્તપિત્તિયા હોસ્પિટલ, વૈજ્ઞાનિક સંશોધન કરતી સંસ્થા, બાળાશ્રમ જેવાં અનેકવિધ ટ્રસ્ટોને પણ લાગુ પડે છે. આવી સંસ્થાના કુંભકર્ણની નિદ્રામાં પોઢેલા ટ્રસ્ટીઓએ સવેળા જાગવું જોઈએ.

બજેટ દ્વારા તો આવક ૧૦૦ ટકા વાપરવા માટેની જોગવાઈ કરવાની વાત હતી, પરંતુ ન્યૂઝ પેપરોમાં આ અંગેના લેખો આવતાં અને થોડાક જાગ્રત ટ્રસ્ટીઓની રજૂઆતને કારણે ૮૫ ટકા જેટલી આવક ખર્ચાય તો ટેક્સ ન લાગે અને ૧૫ ટકા જેટલી રકમ અમર્યાદિત સમય માટે એકત્ર કરી શકાય તેવો સુધારો શક્ય બન્યો. આવી એકત્ર થયેલ રકમ ટ્રસ્ટ પોતાના હેતુ જ માટે વાપરી શકે, અન્યને દાનમાં આપી ન શકે.

અન્ય ટ્રસ્ટને સહાયરૂપ થવું હોય તો જે તે વર્ષની ચાલુ આવકમાંથી જ દાન એક ટ્રસ્ટ બીજા સમાન હેતુવાળા ટ્રસ્ટને આપી શકે. તા. ૩૧-૩-૨૦૦૨ સુધીમાં અલાયદી કાઢેલ રકમ તેમજ ૨૫ ટકા એકત્ર કરેલ રકમમાંથી ૧-૪-૨૦૦૨ ના રોજ કે ત્યાર બાદ સમાન હેતુવાળા ટ્રસ્ટને કે અન્ય ટ્રસ્ટને દાન આપે તો તે ઉપર બન્ને ટ્રસ્ટને ટેક્સ લાગે.

**ઉદ્‌ભવતા પ્રશ્નો :** (૧) તા. ૩૧-૩-૨૦૦૨ સુધીની આવકવેરા કાયદાની જોગવાઇ પ્રમાણે અન્ય ટ્રસ્ટને દાન આપવા માટે અલાયદી કાઢેલ રકમ પાંચ વર્ષમાં ખર્ચી શકાય જેની ઉપર ટેક્સ નથી અને તે રકમ ૧-૪-૨૦૦૨ ના રોજ કે ત્યારબાદ અપાય તો શું તેને નવા સુધારા પ્રમાણે ટેક્સ લાગે કે તે જૂની જોગવાઈ પ્રમાણે હોવાથી નવા સધારાની અસરથી મુક્ત રહી શકે ? (૨) જે તે ટ્રસ્ટે પોતે પૂરવાર કરવું પડશે કે અન્ય ટ્રસ્ટને આપેલ રકમ ચાલુ વર્ષની આવકમાંથી આપી છે, નહિ કે ૩૧-૩-૨૦૦૨ પહેલાંની અલાયદી કાઢેલ રકમ કે એકત્ર કરેલ રકમમાંથી.

**સંભવિત ઉકેલ :** પ્રશ્ન ૧ના ઉકેલ અંગે સીધા કરવેરા બોર્ડ સી. બી. ડી. ટી. યોગ્ય ખુલાસો કરે તો જ બચી શકાય તેમ લાગે છે.

પ્રશ્ન ૨ માટે ચાલુ વર્ષની આવક માટે અને ભૂતકાળના ભંડોળની રકમ માટે અલાયદા બેંક ખાતાં જુદી જુદી બેંક કે બ્રાન્ચમાં ખોલાવી ઉપયોગ કરવો. ચાલુ વર્ષની આવક, ખર્ચ, દાન માટે ચોપડા જુદા રાખો અને વ્યવહારો નોંધાય તો બચી શકાય.

સૌ કોઇ જાગો, વિરોધ નોંધાવો અને યોગ્ય રજુઆત કરો.

***'મંગલયાત્રા'***
*ઑગસ્ટ, ૨૦૦૨ના સૌજન્યથી.*

●

જય જિનેન્દ્ર : સભ્ય બનો અને સોનું ચાંદી જીતો

**દરેક ધર્મના આગેવાનો સવેળા જાગે! સરકારને પોતાના આંધળા ખર્ચા બંધ નથી કરવા અને જનતાએ આપેલાં દાનો ઉપર નજર બગાડવી છે!**

# આપનો નવેમ્બર મહિનો કેવો જશે?

**તીર્થેશ્વર વિદ્યાલંકાર**

**મેષ** દીવાળી માથા ઉપર છે ત્યારે ચિંતાઓને ખંખેરીને ખરીદી માટે ઊપડી જાઓ. ગ્રહો તમારી ફેવર કરી રહ્યા છે. તમારી રાશિનો માલિક મંગળ અત્યારે જોરમાં છે અને એ કારણે તમારા પગ પણ આ મહિનામાં જોરમાં રહેવાના છે. દીવાળીમાં ખાવા પીવામાં ધ્યાન રાખજો હૅં કે. કારણ કે માંદા પડ્યા પછી દર વખતે ગ્રહોને દોષ આપવાનો હોતો નથી. નવેમ્બર મહિનો તમારી માટે યાદગાર ક્ષણો મૂકીને જવાનો છે. ભાગ્ય સાથ આપે ત્યારે શું થાય તે તમે આ મહિનામાં અનુભવશો. તમારા વિરોધીઓ તમારી ચડતીથી દાઝે ભરાય તેમાં તમે કે હું શું કરી શકીએ?

**વૃષભ** દીવાળીમાં મોજ કરો દોસ્તો! તમારી રાશિનો સ્વામી શુક્ર અત્યારે તમારી ઉપર પૂરેપૂરો મહેરબાન છે. આ મહેરબાનીનો ફાયદો લેવાય એટલે લઈ લો એ સમયની જરૂરિયાત છે. હા, જો તમારી કુંડલીમાં તમારી રાશિની સાથે તમારૂં લગ્ન પણ વૃષભ હોય તો તમારે જરા ધીમે ધીમે આગળ જોઈને સલામત ગાડી હંકારવી જોઈએ. તમારી કુંડલીમાં અગિયારમા સ્થાને કયો ગ્રહ છે તે ચકાસી લો અને પછી તેના સ્વામી કોણ બને તે જાણીને તેને થોડો બળવાન બનાવવાની કોશિશ કરો. આ માસમાં યાદગાર યાત્રાપ્રવાસો થવાના છે. બજેટ નાનું હોય કે મોટું, મન મોટું રાખજો.

**મિથુન** જોઈ વિચારીને ડગલાં ભરવાં એ સમયની માંગ છે. તમારી રાશિના લોકો હમણાં જરા ભીંસમાં રહેશે. દીવાળીમાં પૈસા જરૂર વાપરજો પણ ભાવિ જરૂરિયાતોનું મેનેજમેન્ટ પણ કરજો. જો તમારી રાશિ તમારી કુંડલીમાં કેન્દ્રમાં પડતી હોય તો પછી તમારે બહુ મુંઝાવાનું રહેતું નથી. માત્ર થોડી સાવધાની, થોડું આગોતરૂં પ્લાનિંગ અને થોડી ગ્રહોની મહેરબાની, આટલાનો સમન્વય થાય તો મુશ્કેલી વિના મહિનો નીકળી જશે. તમે બુધના ઘરના છો. બુધની સ્થિતિ કેવી છે તે જોઈ લો. પછી તેને અનુકૂળ રહે તે રીતે સ્ટ્રૉક મારવાનું રાખશો તો બાજી તમારા હાથમાં રહેશે.

**કર્ક** આ માસમાં ધીમે ધીમે તમે મુંઝવણોમાંથી બહાર આવવાના છો. દીવાળી સુધરે તો બધું સુધરી જાય એમ તમે ઘણા દિવસથી મનમાં વિચારી રહ્યા છો અને તમારી દીવાળી સુધરી જવાની છે એ હકીકત છે. બંધિયાર મકાનમાંથી ખુલ્લી હવામાં આવી ગયાનો અનુભવ તમને આ માસમાં થશે. ગ્રહોની ચાલ એવી રહેશે કે એ તમને ધીમે ધીમે ઊંચાઈનો અનુભવ કરાવશે, પણ તમારે તો સાવધાની રાખીને જ કદમ માંડવાનાં રહેશે. સફળતા મળવાની ચાલુ થાય તેથી ફૂલાઈ જવાનું આપણને પોસાય નહીં. ગ્રહોની તમારી ઉપર મહેરબાનીનો ફાયદો લેવો તમારા હાથમાં છે.

**સિંહ** ધીરજનાં ફળ મીઠાં એ સૂત્ર યાદ રાખશો તો તમે ધાર્યાં કાર્યો પાર પાડી શકશો. નવું વરસ તમારી માટે સારા સંદેશાઓ લઈને આવવાનું છે. આ વરસમાં તમને તમારી જિંદગીના મહત્ત્વના નિર્ણયો લેવાની તક મળવાની છે, આથી સાવધાનીથી પગલાં ઊપાડજો અને ઠંડે કલેજે ધીરજપૂર્વક આગળ વધજો. તમારી રાશિનો સ્વામી સૂર્ય કેવો છે તે જોઈ લો. તે જો બળવાન હોય તો તમારે આડું અવળું કંઈ વિચારવાનું રહેતું નથી. પણ જો સૂર્ય નિર્બળ હોય તો તેની શક્તિને વધારવાના પ્રયત્ન કરવા હિતાવહ રહેશે. જો તમે 'નમો સિદ્ધાણં' એ મંત્રની માળા ગણી શકો તો સારૂં.

**કન્યા** દોડાદોડ કરીને થાકી ગયા હો તો અનુભવમાંથી બોધપાઠ લઈને હવે જરા ધીરા ચાલો. ઊતાવળે દોડીને નિરાંતે પસ્તાવાની તમારી ટેવો તમારે બદલવી જ પડશે. નવેમ્બરની અધવચ્ચેથી ગ્રહો તમારી તરફ પ્રેમાળ નજર કરવાનું ચાલુ કરે ત્યાં સુધી હળવે હૈયે કામ લો. તમે એ જુઓ કે તમારો પંચમેશ–તમારી કુંડલીમાં પાંચમા સ્થાનનો માલિક–કોણ છે. તે જો શુભ ગ્રહ હોય તો તેનું શુભત્વ વધે એવા પ્રયત્નો કરો અને તે જો અશુભ ગ્રહ હોય તો તેનું અશુભત્વ દૂર થાય, ઓછું થાય તેવા પ્રયત્નો કરો. આમાં સમજણ ન પડે તો દર શનિવારે આયંબિલ કરવાનું રાખો.

**તુલા** આ માસમાં સુધરતા સ્વાસ્થ્યની મજા માણો. તમારી ચંદ્રકુંડલીના આધારે તમારા અગિયારમા સ્થાનનો માલિક સૂર્ય બને છે. સૂર્યની શક્તિ વધારીને તેના મહત્તમ ફાયદા તમારે લઈ લેવા જોઈએ. જો તમે વેપાર વણજ સાથે સંકળાયેલા હો તો તમારી માટે આ મહિનો નવા નવા સમાચારો અને ખુશીની ખબરો લાવશે. બેશક, તમારી કામ કરવાની આવડત સામે કોઈ પ્રશ્નાર્થ નથી, તેમ છતાં વધારે પડતો આત્મવિશ્વાસ તમને છેતરી ન જાય તેની તકેદારી તમારે રાખવી પડશે. જો બની શકે તો દિવસમાં એક વાર પીળી વસ્તુનું ભોજન કરવાનું રાખો.

**વૃશ્ચિક** તમને યશ અને પ્રતિષ્ઠા મળે તેવાં કામો તમારાથી આ માસમાં થવાનાં છે. ગ્રહો આ માસમાં તમારી ઉપર મહેરબાન છે એમ કહી શકાય. જો તમારી કુંડલીમાં તમારી રાશિનો સ્વામી મંગળ અગિયારમે હોય તો સમજી લો કે તમે ધાર્યાં કામો પાર પાડવા માટે પૂરેપૂરા યોગ્ય છો. પરંતુ એટલી ખાતરી કરી લો કે તમારો મંગળ દૂષિત તો થતો નથી ને. વ્યાપારી વર્ગ માટે આ માસ લાભદાયક પૂરવાર થશે. અટકી પડેલાં કામો આ માસમાં ગંભીરતાથી હાથમાં લઈ લો. એ કાર્યો તમારી ખંતીલી અને થનગનતી મહેનતની રાહ જોઈને જ ઊભાં છે.

**ધનુ** ઠંડી તાકાતનો ગ્રહ ગુરુ એ તમારી રાશિનો સ્વામી છે. આ ગ્રહ તમારી પાસે ઠંડા કલેજે કેટલાક અગત્યના નિર્ણયો લેવડાવશે. યાદ રાખો કે આ માસમાં જે મહત્ત્વના નિર્ણયો તમારે લેવાના છે તે ધીરજ તો માગી જ લે છે પણ સાથોસાથ ઊંડો વિચાર પણ માગી લે છે. કોઈ મહત્ત્વના દસ્તાવેજો સહી સિક્કા માટે તમારી સામે આવે ત્યારે જરા જોઈ વિચારીને આગળ વધજો. જીવનની કેટલીક મહત્ત્વની બાબતોના નિર્ણયો તમારી જ સમ્મતિની રાહ જોઈ રહ્યા છે. તમારી બુદ્ધિ અને સમજશક્તિની આ માસમાં પરીક્ષા થવાની છે. તમે તેમાં પાર ઊતરો એવી શુભેચ્છા છે.

**મકર** તમારી કુંડલીમાં તમારા ચંદ્રની સાથે કોઈ અશુભ ગ્રહ છે કે કેમ તેની ખાતરી કરો. જો હોય તો તમારે આ મહિનામાં આરોગ્યની બાબતમાં સાચવવું જોઈએ. આ ગ્રહ જો રાહુ હોય તો તમારે ખાસ ગંભીરતાથી ધ્યાન આપવું જોઈએ અને જો અન્ય કોઈ અશુભ ગ્રહ ચંદ્ર સાથે યુતિ રચતો હોય તો સામાન્ય ધ્યાન આપવું જોઈએ. નવા વરસમાં માંદા પડવાની મજા તો ન જ આવે ને! આ મહિનામાં તમારે ગમે તેમ કરીને ખીસાં ગરમ રાખવાં પડશે. માગનારાઓને તમે તમારા ઠંડા ખીસાનું બહાનું બતાવશો તો તેઓ લાંબો સમય રાહ જોવા રાજી નહીં થાય.

**કુંભ** આ માસમાં ગ્રહો તમારી પરીક્ષા આકરી પરીક્ષા કરશે. એક બાબત તમને ભાર દઈને કહી દેવી જોઈએ : તમે મહેરબાની કરીને શેરબજારનાં પગથિયાં ચડશો નહીં. તમારા શરીરને પગથિયું બનાવીને કોઈ આગળ વધે એવું તો તમે નહીં જ ઇચ્છો ને! જો શેરબજારમાં ચડી ગયા તો તમારે ફિલોસોફરની અદાથી શાયરી ગાવાનો વારો આવશે : *'આ ધુંધળો ઉદાસ દિવસ રાતનો સમય, અમારે કાજ વલોપાતનો સમય.'* અન્ય બજારમાં તમને જે મળે છે તે સોનાનું છે. સ્થિરને ધક્કો મારીને અસ્થિર તરફ ડગ નહીં માંડતા. 'નમો લોએ સવ્વસાહૂણં'ના બને એટલા જાપ કરી લો.

**મીન** ન ખરાબ ન સારો એવો સમય એટલે આ માસનો સમય. આ મહિનામાં નિરાંતની પળોમાં જૂનાં પેન્ડિંગ કામો પાર પાડી શકાય. આમ જુઓ તો સતત બિઝી રહેશો અને આમ જુઓ તો સતત ફ્રી રહેશો. ધારેલાં કામોમાંથી કેટલાંક પાર પડી જશે, કેટલાંક પછીના મહિના ઉપર જશે. તમારી જોશીલી જબાનને આ માસમાં થોડો આરામ લેવા દેજો. નૂતન વરસના નૂતન દિવસોમાં કોઈ સાથે બગાડવું તમને પોસાય નહીં. 'વાણિયાભાઈની મૂછ નીચી' એ કહેવતની તમને ખબર છે ને? બસ, તો તમે સમજી લો આ કહેવતનું સર્જન તમારી માટે જ થયું છે.

## આપનો પત્ર મળ્યો



ગઈ કાલના યતિઓ અને આજના સાધુઓ : તફાવત કેટલો? (સપ્ટેમ્બર, ૨૦૦૨) લેખ ખૂબ સમયસરનો અને આંખો ખોલનારો રહ્યો. આજે સાધુઓ જે જાતનું વર્તન કરી રહ્યા છે તે હકીકતમાં તો યતિઓને પણ શરમાવે તેવું જ છે. કહેવું કંઈ અને કરવું કંઈ એ આજે બહુ સહજ બની ગયું છે. લોકોની આંખોમાં ધૂળ નાખવી, પોતાના અનાચારો બાબતે લૂલા બચાવો કરવા, અકિંચન કહેવાતા સાધુઓમાં ધનનો વધેલો વપરાશ વગેરે બાબતોથી સવેળા ચેતવામાં નહીં આવે તો સાધુસંસ્થાનું પતન થશે એવી આગાહી કરવા માટે જ્યોતિષનો અભ્યાસ કરવાની જરાયે જરૂર નહીં પડે.

**શાંતિલાલ ઈશ્વરલાલ** (પાલડી, અમદાવાદ)

સાધુઓ છાના ખૂણે જે કાર્યો કરે છે તે દિલને ઝટકો આપે છે. યતિસંસ્થા અને સાધુસંસ્થાની જે તુલના '*જય જિનેન્દ્ર*'માં થઈ તે સમાજના કોઈ મેગેઝિનમાં જોવા નથી મળી. થોડાં વરસ અગાઉ હું અમદાવાદમાં રહેતો હતો ત્યારે અમદાવાદ નજીકના એક ધર્મસ્થળમાં ચાલતાં કૌભાંડો જોઈને ફફડી ઊઠ્યો હતો. જૈન સમાજના મેગેઝિનોએ હવે નિર્ભય બનીને દૂષણો સામે અવાજ ઉઠાવવો પડશે. તમારી નિર્ભયતા દાદ માગી લે તેવી છે.

**દેવેન્દ્ર કે શાહ** (બોરીબંદર, મુંબઈ)

સાધુઓનો વૈભવ અને ઠઠારો જોઈને મારા દીકરાએ મને એકવાર અણિદાર સવાલ પૂછ્યો હતો : 'પપ્પા, આ લોકોએ શું છોડ્યું છે?' અનેક દલીલો પછી પણ હું મારા દીકરાને કશું સમજાવી શક્યો નહોતો! યતિઓ અને સાધુઓ ઉપર તંત્રીલેખ વાંચીને આ વાત તાજી થઈ. શું સાધુઓએ પોતાની રોનક અને ખુમારી ગુમાવી તો નથી દીધાં ને?

**પંકજભાઈ પારેખ** (માટુંગા, મુંબઈ)

સાધુસંસ્થામાં દિવસે દિવસે જે રીતે નવાં નવાં દૂષણો પ્રવેશતાં જાય છે તે જોતાં એમ લાગે છે કે આવતી કાલના સાધુઓ કદાચ યતિઓને પણ સારા કહેવડાવશે. '*જય જિનેન્દ્ર*'નો આ મુદ્દો અત્યારે કદાચ આત્યંતિક લાગે, પરંતુ તે સાધુઓની આવતી કાલ તો છે જ. તેમાં કોઈ શંકા નથી.

**હીરાલાલ કાંતિલાલ શાહ** (માધવબાગ, મુંબઈ)

'*જય જિનેન્દ્ર*'માં રાશિભવિષ્ય ન આપો તો ખુશીથી ચાલે. એના બદલે બીજી ધાર્મિક, જ્ઞાનવર્ધક સામગ્રી આપી શકાય. રાશિભવિષ્યથી પાનાનો બગાડ થતો હોય તેમ લાગે છે. કોઈ જૈન માસિક બહેનોની જરૂરિયાતને વાચા નથી આપતું. આપ એ દિશામાં ન વિચારી શકો? બહેનોનો શો વાંક?

**નિરંજનાબેન એ શાહ** (ઘીકાંટા, અમદાવાદ)

## ઘટમાળ

★ પૂજ્ય ગુરુદેવ શ્રી મિત્રાનંદસાગરજી મહારાજની શુભ પ્રેરણાથી ગત વર્ષની જેમ આ વર્ષે પણ શ્રમણ ભગવાન મહાવીરના નિર્વાણ કલ્યાણક અવસરે અમદાવાદના વિવિધ ગરીબ વિસ્તારોમાં મિઠાઈ વિતરણનો કાર્યક્રમ યોજાશે. શહેરની વિવિધ હોસ્પિટલોમાં ગરીબ અને સામાન્ય વર્ગના દર્દીઓને દવાઓનું વિતરણ પણ કરવામાં આવશે. વિવિધ પુણ્યવાનોના હાર્દિક આર્થિક સહયોગથી *જય જિનેન્દ્ર* પરિવાર દ્વારા આ કાર્યક્રમ રાખવામાં આવ્યો છે. ધનતેરસના શુભ દિવસથી શરૂ કરીને બેસતા વરસ સુધી દરરોજ વિવિધ વિસ્તારોમાં આ કાર્યવાહી સંપન્ન થશે.

★ તામિલનાડુના કૃષ્ણગિરિ ખાતે આસો માસની નવરાત્રિ દરમ્યાન નવ દિવસનો ઉત્સવ શાનદાર રીતે ઊજવાઈ ગયો. 'નવરાત્રિ મેલા' તરીકે ઓળખાવાયેલા આ મહોત્સવમાં હજારો ધર્મપ્રેમી ભાવિકોએ ઉમળકાથી ભાગ લીધો હતો. વરઘોડો, સ્વામીવાત્સલ્ય, એક સાથે એકસો આઠ હવનકુંડ તૈયાર કરીને ભગવતી પદ્માવતીના મહાહવનનું આયોજન દિલને બાગ બાગ કરી મૂકે તેવી રીતે થયું હતું. ઉજ્જૈનના બાલમંચનાં બાળકોની મંડળીએ પ્રભુભક્તિમાં અનેરી જમાવટ આણી હતી. માતાજી પદ્માવતીનાં ચરણોમાં એક સાથે પંદર હજાર લાડુ અને પંદર હજાર શ્રીફળ ચડાવવાનો કાર્યક્રમ ઐતિહાસિક બની રહ્યો હતો. આ અભિનવ તીર્થના સ્થાપક શ્રીવસંત ગુરુજીની અધ્યક્ષતામાં યોજાયેલા આ મહોત્સવમાં દૂર દૂરથી ભાવિકો પધાર્યા હતા. પ્રસંગ યાદગાર રીતે સંપન્ન થયો હતો.

## કૉકટેલ

### બોધપાઠ

ખ્યાતનામ કલાકાર માઈકલ એંજેલોને એકવાર પૂછવામાં આવ્યું :

'તમે સાવ નકામા ગણાતા પત્થરમાંથી સુંદર મૂર્તિનું સર્જન શી રીતે કરી શકો છો?'

ઉત્તર મળ્યો :

'હું મૂર્તિનું સર્જન કરતો જ નથી, હું તો તે પત્થરના નકામા ભાગોને દૂર કરી દઉં છું. મૂર્તિ તો આપોઆપ ઉપસી આવે છે. દરેક પત્થરમાં મૂર્તિ તો છે જ, માત્ર નકામા ભાગોને દૂર કરવા જરૂરી છે.'

કેટલી સુંદર વાત છે!

જીવનમાંથી નકામી બાબતોને દૂર કરો. જીવનની સુંદરતા આપોઆપ પ્રગટ થઈ જશે.

●

### સ્પંદન

કેટલાક લોકો ચારિત્ર પાળવાનો એટલો બધો ઉપદેશ આપે છે કે એમની પાસે ચારિત્ર પાળવાનો સમય જ બચતો નથી...

●

### ના હોય!

'આજે તો આખો દિવસ ખરાબ ગયો, કોને ખબર સવારના પહોરમાં કોનું મોઢું જોયું હતું.'

'કાચમાં મોઢું જોવાઈ ગયું હશે!'

### अहो कार्टुनम् !




*જય જિનેન્દ્ર*

વિચારશીલ જૈનોનો વિચારશીલ અવાજ
પાંચ વરસનું લવાજમ ભરો અને જીતો સોના ચાંદીનાં ઇનામો. વિગતો માટે કાર્યાલયને જવાબી કવર લખો.

સંપાદક નિર્વેદ આચાર્ય, ૬૮ નિહારિકા બંગલોઝ, આંબાવાડી, અમદાવાદ દ્વારા પ્રકાશિત અને દીપશિખા પ્રિન્ટર્સ, અમદાવાદ દ્વારા મુદ્રિત
પત્રવ્યવહાર : *જય જિનેન્દ્ર* પોસ્ટ બોક્સ નં. ૧૫૦૦૮, આંબાવાડી વિસ્તાર પોસ્ટ ઓફિસ, અમદાવાદ ૩૮૦ ०૧૫
E-Mail : jayjinendra@jainshasan.com